Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2009
Valid Up to Dt. 31-12-2011

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

**VOL. LI ] WEDNESDAY,10th FEBRUARY, 2010/MAGHA 21, 1931 [ No. 10**

**Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation**

**PART-II • EXTRAORDINARY**

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના, સુરત નં. ૬૨ (ડીંડોલી-ભેસ્તાન-ભેદવાડ)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત

## અધિસુચન

નં. ટીપીડી/આ/૫૯૨૮/૨૦૧૦.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમનાં નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૦(લીંબાયત-ડીંડોલી), મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૧ (ડીંડોલી), મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૧ (પરવત-ગોડાદરા)

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૫૪ (ભેસ્તાન).

પૂર્વે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૬૯ (ગોડાદરા-ડીંડોલી).

પશ્ચિમે : ભેદવાડ ગામનો સીમાડો.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગના, નોટિસ બોર્ડ પર, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસુચન પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાથી અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિતમાં કમિશ્નર, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો, ૨ [illegible] વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાનમાં લેશે.

સુરત, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૦.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલિકા.

## સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૬૫ (વેસુ ભરથાણા-અલથાણ)

# અધિસુચન

નં. ટીપીડી/આ/૫૯૨૯/૨૦૧૦.-આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત મુસદ્દારૂપ યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ની કલમ-૪૨ (૧) અને અધિનિયમના નિયમો-૧૯૭૯નાં નિયમ-૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

ઉત્તરે : પ્રારંભિક નગર રચના યોજના, સુરત નં. ૪ (ઉમરા-સાઉથ) તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીની હદ.

દક્ષિણે : મુસદ્દારૂપ નગર રચના યોજના, સુરત નં. ૧૩ (ભરથાણ-વેસુ) ની હદ.

પશ્ચિમે : વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટીની હદ.

પૂર્વે : અંતિમ નગર રચના યોજના સુરત નં. ૩૬ (અલથાણ)ની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્ય પત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહીનાની અંદર આ યોજનાની અસર પામતા કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે, તો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

સુરત, ૧૦ માહે ફેબ્રુઆરી, સને ૨૦૧૦.

(સહી) અવાચ્ય,<br>
કમિશ્નર,<br>
સુરત મહાનગરપાલિકા.